વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

October- 2026

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

# ઉત્તમ ક્ષમાવણી પર્વનો મહિમા

## ગુણગ્રાહી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના જીવનનો પ્રેરક પ્રસંગ......



આ જે (ક્ષમાપનાનો) વ્યવહાર છે એ પણ જૈન સંપ્રદાય સિવાય ક્ષમાપનાનો આવો વ્યવહાર ક્યાંય નથી. વેર અને વૈમનસ્ય અંતઃકરણથી ધોઈ નાખવા માટેનો બહુ સારો ઉચ્ચ કોટિનો આ વ્યવહાર છે. મારા હાથમાં તો તે દી જૈનદર્શનનું શાસ્ત્ર આવ્યું નહોતું. પણ અમારી સાથે મુંબઈમાં કામ કરનારા ભાઈ હતા એ શ્વેતાંબર જૈન હતા. આમ તો સાથે કામ કરવામાં થોડી ગડબડ પણ થતી જ હોયને સાથે કામ કરતા હોય તો. સંવત્સરીને દિવસે પ્રતિક્રમણ કરીને આવ્યા અને ક્ષમાપના કરી એટલે મને એમ થયું કે ઓહો..! મારા કરતા ઉંમરમાં ઘણા મોટા હતા. ક્ષમા માંગે છે! આ લોકોનો આ વ્યવહાર ભારે જબરો છે. બહુ સરસ છે. એટલે એ રીતે કોઈને પણ છાપ પડે. ગુણદષ્ટિ હોય અને ગુણ પ્રત્યે જો આકર્ષણ હોય તો આ વ્યવહાર એવો છે કે છાપ પડ્યા વગર રહે નહિ.

જેની સાથે સંબંધો બગડ્યા હોય, જેની સાથે કાંઈપણ કડવાશ થઈ હોય, વેર થયું હોય, વૈમનસ્ય થયું હોય. કાંઈ પણ છડતો-અછડતો વ્યવહાર થયો હોય. જો શુદ્ધ અંતઃકરણથી માણસ ક્ષમા માગે તો સામાના આત્મા ઉપર (અસર થયા વિના) રહે નહિ. વ્યવહારની જે ગોઠવણી છે, સંકલના છે એ ગુણ-દોષની દૃષ્ટિએ બહુ ઉચ્ચ કોટિની સંકલના છે. ભલે બાહ્ય વ્યવહાર છે આ. પણ ગુણ-દોષની દૃષ્ટિએ તો ગમે તેને છાપ મારી જાય એવી વાત છે. આ લોકોમાં આ વ્યવહાર છે. બીજે ક્યાંય આ વ્યવહાર જોવામાં આવતો નથી.

(પ્રવચનાંશ.. 'શ્રીમદ્ રાજચંદ્ર' પત્રાંક-૮૦૧, તા.-૦૪-૦૮-૧૯૯૨, પ્રવચન નં-૩૯૪, 'રાજ હૃદય' ભાગ-૧૭, પાનું -૩૦૭,૩૦૮)

*

## ઉત્તમ ક્ષમાપના (ભાદરવા વદ એકમ)

આજ દિન પર્યંત વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તેમજ કોઈપણ જીવ પ્રત્યે જે કંઈ પણ અવિનય અને અશાતનાના પરિણામ થયા હોય તેની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ. વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તથા વીતરાગ આપ્તપુરુષ દ્વારા બોધિત પરમતત્ત્વ પ્રત્યે સદાય શરણાગતપણે રહીએ એ આજના દિવસે ભાવના ભાવીએ છીએ.

– 'સ્વાનુભૂતિપ્રકાશ' પરિવાર

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૨ : અંક–૩૪૬, વર્ષ–૨૮, ઑક્ટોબર–૨૦૨૬


## કહાનરત્ન કિરણો !!

**– અધ્યાત્મ યુગસૃષ્ટા**
**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી**
**(શ્રી 'પરમાગમસાર'માંથી સાભાર ઉદ્ધૃત)**



એકાન્તે દુઃખના જોરથી રાગથી છૂટો પડી શકે એમ બનતું નથી પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી રાગથી છૂટો પડી શકે છે. આત્માને ઓળખ્યા વિના-જાણ્યા વિના જાય ક્યાં? આત્માને જાણ્યો હોય તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય તો રાગથી છૂટો પડીને આત્મામાં લીન થઈ શકે છે. ૪૫૦

*

પ્રશ્ન :- નિર્મળ પર્યાયને તો અંતર્લીન કહી છે ને?

ઉત્તર :- એ તો સ્વ સન્મુખ વળી છે તેથી તે પર્યાયને અંતર્લીન કહ્યું છે પણ તેથી કાંઈ પર્યાય ધ્રુવમાં ભળી જતી નથી. ધ્રુવના આશ્રયે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ પછી ચારિત્રની શુદ્ધિ પણ પર્યાયના આશ્રયે થતી નથી. ત્રિકાળી અંતઃતત્ત્વ જે ધ્રુવ તળ–દળ છે તેના આશ્રયે જ ચારિત્રની શુદ્ધિ થાય છે. આ વસ્તુની સ્થિતિ છે, ભગવાનના વચનો છે. આ ઉપદેશ ભેદજ્ઞાનની પરાકાષ્ઠાનો છે. પ્રભુ! નિર્મળ પર્યાય બહિર્તત્ત્વ છે. તે નિર્મળ પર્યાયના આશ્રયે ટકે નહિ, વધે નહિ, પણ અંતઃતત્ત્વ જે ધ્રુવતત્ત્વ છે તેના જ આશ્રયે પ્રગટે છે, ટકે છે ને વધે છે. દયા–દાન આદિના શુભ પરિણામ એ તો મલિન બહિર્તત્ત્વ છે અને સમ્યગ્દર્શન–જ્ઞાન-ચારિત્રના પરિણામ તે નિર્મળ બહિર્તત્ત્વ છે. દ્રવ્યદૃષ્ટિ તો એક શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. ૪૫૧.

*

જ્ઞાયક-ધ્રુવ શુદ્ધ તેનું જ્ઞાન કરીને, તેની પ્રતીતિ કરીને, તેની રમણતા કરીને એક આત્મારામ થઈને શું અનુભવ કરે છે તે કહે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના સ્વરૂપને જાણીને, પ્રતીતિ કરીને, સ્વરૂપાચરણ કરીને એમ અનુભવે છે કે હું તો ચૈતન્યમાત્ર જ્યોતિ છું. શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ, સુખધામ હું છું. ચૈતન્ય જાનન-દેખન માત્ર જ્યોતિ છું. રાગાદિ બિલકુલ હું નથી. ધર્મી પોતાને ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા માને

છે. રાગરૂપ પોતાને નથી માનતો. ૪૫૨.

*

કેવળી અને શ્રુતકેવળીમાં તફાવત નથી, માટે વિશેષ જાણવાની આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ. કેવળી અને શ્રુતકેવળીમાં વધુ ઓછું જાણવારૂપ ભેદ છે પણ એ ભેદ અત્યંત ગૌણ છે. કેવળી એકીસાથે પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષોવાળા કેવળજ્ઞાન વડે શુદ્ધ અખંડ એક આત્માને આત્માથી આત્મામાં અનુભવે છે અને શ્રુતકેવળી ક્રમે પરિણમતા કેટલાક ચૈતન્યવિશેષોવાળા શ્રુતજ્ઞાન વડે શુદ્ધ અખંડ એક આત્માને આત્માથી આત્મામાં અનુભવે છે. આમ આત્મઅનુભવનમાં કેવળી તે શ્રુતકેવળી તુલ્ય જ છે. સ્વરૂપસ્થિરતાની તરતમતારૂપ ભેદ છે. માટે ઘણું જાણવાની ઈચ્છારૂપ ક્ષોભ છોડીને કેવળજ્ઞાનની પ્રાપ્તિના ઉપાયરૂપ સ્વરૂપમાં નિશ્ચળ રહેવું જ યોગ્ય છે. ૪૫૩.

*

જ્ઞાની એને કહીયે કે જે ત્રિકાળી જ્ઞાયકને પકડે ને તેની પર્યાયમાં વીતરાગતા પ્રગટી છે છતાં પર્યાયમાં રોકાતો નથી, તેની દૃષ્ટિ તો ત્રિકાળી ધ્રુવ ઉપર જ પડી છે. ધર્મની દશા પ્રગટ થાય, નિર્મળ પર્યાય પ્રગટ થાય પણ જ્ઞાની એ પર્યાયમાં રોકાતા નથી. ૪૫૪.

*

ત્રિકાળી ધ્રુવ આત્મદ્રવ્યને પકડીને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય, તેને પકડીને ચારિત્ર થાય, તેને પકડીને કેવળજ્ઞાન થાય. ધર્મીની દૃષ્ટિ આત્મદ્રવ્ય ઉપરથી ખસતી નથી, અને જો એ દૃષ્ટિ ત્યાંથી ખસીને વર્તમાન પર્યાય ઉપર રોકાય, એક સમયની પર્યાયમાં ચોંટી જાય, પર્યાયની રુચિ થઈ જાય તો વસ્તુની દૃષ્ટિ છૂટી જાય અને મિથ્યાદૃષ્ટિ થઈ જાય. એક સમયની પર્યાયની જો મહિમા-મહત્તા થઈ જાય તો દ્રવ્યની દૃષ્ટિ ખસી જાય. એક સમયની નિર્મળ પર્યાયની પણ રુચિ થઈ જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. ૪૫૫.

*

પરિપૂર્ણ કૃતકૃત્ય ભગવત્ સ્વરૂપ ભગવાન આત્માને સાધ. દૃષ્ટિને દૃષ્ટિનો વિષય એ તો સમજાવવાનું ભેદકથન છે. દૃષ્ટિને દ્રવ્ય સન્મુખ વાળ. પર્યાયમાં ઊભો રહીને આ દ્રવ્ય છે એમ નહીં સાધી શકે, ધ્રુવસ્થંભ છે તેમાં નિર્વિકલ્પપણે અહમ્‌પણું કર. ૪૫૬.

*

ભગવાનની વાણીથી નહિ, તેના નિમિત્તે થયેલું પરલક્ષી જ્ઞાન તેનાથી પણ નહિ પરંતુ સ્વલક્ષી જે ભાવશ્રુતજ્ઞાન તેનાથી આત્મા જણાય છે. જે જ્ઞાન વડે આત્મા જણાય એ ભાવશ્રુતજ્ઞાન પરની અપેક્ષા વિનાનું છે. શ્રુત પણ વધારાનું છે. (નકામું છે.) તેમ શ્રુતથી થયેલું જ્ઞાન પણ વધારાનું છે. એટલે કે તેમની અપેક્ષા ભાવશ્રુતજ્ઞાનને નથી. એવા ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણે કે કેવળજ્ઞાનથી આત્માને જાણે પણ એ જાણવામાં-અનુભવનમાં ફેર નથી. માટે જ્ઞાનમાં શ્રુત-ઉપાધિકૃત ભેદ નથી. શ્રુતજ્ઞાન કહ્યું માટે તેમાં શ્રુત-ઉપાધિકૃત ભેદ છે એમ નથી. ૪૫૭.

*

સમ્યગ્દર્શન એટલે? જેવું ને જેવડું તત્ત્વ છે તેની તેવી પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે. મહા અસ્તિત્વરૂપ મોજૂદ ચીજ છે તે અનંતકાળ ગયો ને અનંતા ભવ થયા છતાં એવી ને એવી જ તે

ચીજ છે. વાહ તત્ત્વ! ગમે તેવા પરિણામ થયા છતાં વસ્તુમાં વિભ્રમતા કે ઊણપતા આવી નથી. મહા ગ્રહીત મિથ્યાત્વના પરિણામ થયા છતાં જે વસ્તુ છે તેમાં કાંઈ મેલપ-મલિનતા આવી નથી. સર્વજ્ઞ પરમાત્માનો આ પોકાર છે. ૪૫૮.

*

પાંચેક ગાઉ ચાલે તો થાક ખાવા વિસામો લે ને! આ તો અનંતા અનંતા ભવ કર્યા છતાં થાક લાગ્યો નથી! સર્વજ્ઞદેવ કહે છે કે તું સ્વભાવમાં વિસામો લે. તારો થાક ઉતરી જશે. શુદ્ધ ચૈતન્ય ભગવાનના આશ્રયે શુદ્ધ પરિણતિ કરવી એ અપૂર્વ છે. એ સમ્યક્ પરિણતિ કરે તો શાશ્વત સુખને પામે, અનંતા અનંતા ગુણની પૂરણ પર્યાયો પ્રગટતાને પામે. માટે બહારની હરખુના-હોશુંના સબડકા છોડી દે. એ ભ્રાંતિ છોડી દે ને જિનવરદેવે ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કર તો તું જરૂર શાશ્વત સુખને પામીશ. ૪૫૯.

*

ભગવાનની વાણી એ શ્રુત છે-શાસ્ત્ર છે. શાસ્ત્ર પૌદ્ગલિક છે તેથી તે જ્ઞાન નથી, ઉપાધિ છે અને એ શ્રુતથી થતું જ્ઞાન એ પણ ઉપાધિ છે, કેમ કે તે શ્રુતના લક્ષવાળું જ્ઞાન પરલક્ષી જ્ઞાન છે. પરલક્ષી જ્ઞાન સ્વને જાણી શકતું નથી. માટે તેને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. જેમ સત્-શાસ્ત્ર તે જ્ઞાન નથી, વધારાની ચીજ છે-ઉપાધિ છે તેમ એ શ્રુતથી થયેલ જ્ઞાન પણ વધારાની ચીજ છે-ઉપાધિ છે. આહાહા! શું વીતરાગની શૈલી છે! પરલક્ષી જ્ઞાનને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. સ્વજ્ઞાનરૂપ જ્ઞપ્તિક્રિયાથી આત્મા જણાય છે, ભગવાનની વાણીથી આત્મા જણાતો નથી. ૪૬૦.

*

પ્રશ્ન :- વિકલ્પો અમારો પીછો નથી છોડતા!

ઉત્તર :- વિકલ્પ તને વળગ્યા નથી, તું વિકલ્પને વળગ્યો છો. તું પરમાનંદ સ્વરૂપથી ભરેલો ભગવાન છો તેને જોતો નથી તેથી વિકલ્પો તને વળગ્યા લાગે છે. તું તારા ભગવાનને ભ્રમથી ભૂલીને વિકલ્પને વળગ્યો છો. તું ખસી જા ને! તું વિકલ્પનું લક્ષ છોડી તારા ભગવાનનું લક્ષ કર તો વિકલ્પો તને વળગેલા લાગશે નહિ. વિકલ્પમાં ક્યાંય સુખ શાંતિ નથી, જ્યાં સુખ શાંતિ ભરી છે ત્યાં જા! સુખ શાંતિનો ભંડાર એવા ભગવાનને વળગ. તારી અંદરમાં પૂર્ણ સુખ શાંતિ ભર્યા છે. વિકલ્પ તો બહાર છે. તેમાં ક્યાંય સુખ શાંતિ નથી. તારી અંદર વિકલ્પ વિનાની ચીજ છે. તેમાં સુખ શાંતિ ભર્યા છે તેનું લક્ષ ને પ્રતીતિ કરીને વિકલ્પથી પ્રથમ ભેદજ્ઞાન કર, સ્થિરતા અનુસાર ક્રમે સર્વ વિકલ્પો છૂટશે. ૪૬૧.

*

પ્રશ્ન :- આત્મજ્ઞાન કરવા માટે ઘણા ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરવો પડે એ કરતાં કાંઈક સહેલો રસ્તો બતાવો ને?

ઉત્તર :- આત્મજ્ઞાન માટે ઘણા શાસ્ત્રો ભણવાની ક્યાં વાત છે? તારી પર્યાય દુઃખના કારણો તરફ વળે છે તેને સુખના કારણભૂત સ્વભાવ સન્મુખ વાળ એટલી જ વાત છે. પોતે ભગવાન આત્મા અનંત અનંત ગુણ સંપન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છે એનો મહિમા લાવીને સ્વસન્મુખ થા! આટલી વાત છે. તારી જ્ઞાનપર્યાયને દ્રવ્ય સન્મુખ વાળવી. આ ટૂંકું ને ટચ છે. ૪૬૨.

*

પ્રશ્ન :- આપ બહુ સૂક્ષ્મતામાં ને બહુ ઊંડાણમાં લઈ જાવ છો?

ઉત્તર :- વસ્તુ જ એવા સ્વભાવવાળી છે. પર્યાય ઉપર ઉપર છે અને દ્રવ્ય ઊંડું....ઊંડું છે. અનંત... અનંત... અનંત... ઊંડપ છે. ક્ષેત્રથી નહિ પણ ભાવથી અનંત... અનંત... અનંત સામર્થ્યરૂપ ઊંડપ છે. ત્યાં જ્ઞાનપર્યાયને ધીરજથી લઈ જતાં ભગવાનનો ભેટો થાય છે. ૪૬૩.

*

પ્રશ્ન :- શુભરાગને જ્ઞાની હેય માને છે તો ષોડશકારણભાવનાને તો ભાવે છે?

ઉત્તર :- જ્ઞાની ષોડશકારણભાવના ભાવતા નથી પણ તે પ્રકારનો રાગ આવી જાય છે. જ્ઞાનીને ભાવના તો સ્વરૂપમાં ઠરવાની જ હોય છે, પણ સ્વરૂપમાં ઠરી શકે નહિ ત્યારે હેયબુદ્ધિએ શુભરાગ આવી જાય છે. જ્ઞાની તેના જાણકાર છે કર્તા નથી. ૪૬૪.

*

પાપને પાપ તો જગતમાં સૌ કહે છે પણ અનુભવી-જ્ઞાનીજન તો પુણ્યને પણ પાપ કહે છે. હિંસા, જૂઠું, ચોરી આદિને તો જગત પાપ માને છે પણ દયા, દાન, પૂજા, ભક્તિ આદિના શુભ રાગને જ્ઞાનીજનો પાપ કહે છે, કેમ કે સ્વરૂપમાંથી પતિત થઈને શુભરાગ ઊઠે છે તેથી તે પણ પાપ છે. શુભરાગમાં સ્વની હિંસા થાય છે તેથી પ્રવચનસાર ગાથા ૭૭ માં કહ્યું છે કે પુણ્ય-પાપમાં જે ભેદ માને છે-તફાવત માને છે તે મિથ્યાદૃષ્ટિ ઘોર સંસારમાં રખડશે. આહાહા! આવી વાતો તો જેને અંતરમાં ભવનો ભય લાગ્યો હોય ને ભયથી છૂટવું હોય એને બેસે એવી છે. ૪૬૫.

*

ભાઈ! પદાર્થની સ્વતંત્રતાની વાત જાણવા માટે બહુ પુરુષાર્થ જોઈએ છે. ભિન્ન તત્ત્વને ભિન્ન તત્ત્વરૂપે જાણવું અને ભિન્ન તત્ત્વને બીજું ભિન્ન રહેલું તત્ત્વ કાંઈ જ કરી શકે નહિ એ વાતો બહુ ઝીણી છે. એને યથાર્થ જાણવામાં બહુ પુરુષાર્થ માગે છે. ૪૬૬.

*

જેમ કેવળજ્ઞાનમાં ત્રણ કાળના પર્યાયો જણાય છે તેમ જ પદાર્થોમાં ક્રમબદ્ધ પર્યાયો થાય છે. કેવળજ્ઞાને જાણ્યું માટે નહીં પણ પદાર્થોના પર્યાયો પોતાથી સ્વકાળે તે જ રીતે થાય છે અને તેમ સર્વજ્ઞ જાણે છે. આહાહા! પરદ્રવ્યને કરવાની તો વાત નથી પણ પોતાના અશુદ્ધ કે શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થવાના તે જ થાય એટલે પોતામાં પણ પર્યાયને આડી-અવળી કરવાનું રહ્યું નહીં. માત્ર જેમ થાય છે તેમ જાણવાનું જ રહ્યું. જેમ સર્વજ્ઞ જ્ઞાતા છે તેમ ધર્મી પણ જ્ઞાતા થઈ ગયો. ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય અકર્તાપણારૂપ વીતરાગતા છે. એ વીતરાગતા અનંત પુરુષાર્થે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં થાય છે. આહાહા! આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. ૪૬૭.

*

સત્ સ્વરૂપ એવા આત્માનો પરિચય રાખજે. જેવો જેનો પરિચય એવી જ એની પરિણતિ થશે. રાગના રસીલા જગતના જીવોનો પરિચય કરીશ તો તારી પરિણતિ પડી જશે. જેને શરીર આદિનો પ્રેમ છે. જેને પુણ્યનો પ્રેમ છે એવા લૌકિકજનોનો પરિચય કરીશ તો તારી પરિણતિ પડી જશે. લોકો માન સન્માન આપે એના પરિચયથી તું મરી જઈશ. ૪૬૮.

*

મુમુક્ષુજીવ શુભરાગમાં જોડાય છે પણ મુમુક્ષુતામાં શુદ્ધાત્માની શોધક વૃત્તિ ન જાય. મુમુક્ષુજીવને દયા-દાન-પૂજા-ભક્તિ આદિના શુભભાવો આવે ખરા પણ એની વૃત્તિ અને વલણ શુદ્ધાત્મા તરફ રહ્યા કરે છે. શુભભાવમાં તલ્લીનતા ન થાય. જિન સ્વરૂપી ભગવાન આત્માની શોધક વૃત્તિ ન જાય.

શુદ્ધાત્માનું ધ્યેય છોડીને શુભરાગનો આગ્રહ કરતો નથી. શુભરાગથી લાભ થશે એમ માનતો નથી અને પર્યાયની અશુદ્ધતા પણ ભૂલતો નથી. સ્વચ્છંદ કરતો નથી. ૪૬૯.

*

પ્રશ્ન :- સ્વચ્છંદ એટલે શું?

ઉત્તર :- વિકારી પર્યાય તે મારી નથી એમ માની વિકારનું સેવન કરે. અશુદ્ધતા ગમે તેટલી થાય તેનું સેવન કરે અને જ્ઞાનીનો ભોગ નિર્જરા કહ્યો છે તો અમારે ભોગના ભાવ વિષય-વાસનાના ભાવથી નિર્જરા છે તેમ માને તે સ્વચ્છંદ છે. ગમે તેટલો વિકાર થાય તોપણ મારે શું? એમ માને તે સ્વચ્છંદ છે. ખરો મુમુક્ષુ એમ સ્વચ્છંદતા સેવતો નથી. પર્યાયમાં વિકાર થાય તે પોતાનો અપરાધ સમજે છે. જ્ઞાનમાં બરાબર જાણે છે. પાપમાં બેદરકાર રહેતો નથી. મુમુક્ષુનું હૃદય ભીંજાયેલું હોય છે, વૈરાગ્ય હોય છે. ૪૭૦.

*

એ જ્ઞાનની દિવ્યતા છે! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે! જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે ભૂતાર્થ જ છે તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે? વસ્તુ સત્ છે ને! વિદ્યમાન છે ને? તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને! આહાહા! જેની હૈયાતી નથી તેને હૈયાત જાણે! તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે હૈયાત જ છે તેને જાણ ને! ભાઈ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ. ૪૭૧.

*

શુભભાવ કે જેને દુનિયા અત્યારે ધર્મ માને છે, ધર્મનું કારણ માને છે, એ આસ્ત્રવો શું છે?- કે આકુળતાને ઉપજાવનારા છે. શુભ ને અશુભભાવ આકુળતાના ઉપજાવનારા છે. આત્માની શાંતિને ઉપજાવનારા નથી. તેથી વ્યવહારથી નિશ્ચય થાય એમ બને નહિ. શુભભાવો આકુળતાના ઉપજાવનારા હોવાથી આત્માની શાંતિને કે ધર્મને ઉપજાવનારા નથી. ૪૭૨.

*

ભગવાન આત્મા અનંતગુણસ્વરૂપ પ્રભુ છે. તેના એક એક ગુણમાં અનંત અનંત ગુણનું રૂપ છે પણ તેમાં રાગનું રૂપ નથી. એક સમયમાં અનંત અનંત ગુણોનો સાગર પ્રભુ છે. એના એક એક ગુણમાં તેના અનંતા અનંતા ગુણોનું રૂપ છે. એક ગુણ બીજા ગુણમાં નથી પણ એક ગુણનું રૂપ બીજા ગુણમાં છે. પરંતુ વ્યવહારરત્નત્રયનો રાગ એ આત્માનો કોઈ ગુણ નથી. તેથી રાગનું રૂપ કોઈ ગુણમાં નથી. તેથી ભગવાન આત્મા રાગનું કારણ નથી કે રાગ પોતાની આનંદની પર્યાયનું કારણ નથી. ૪૭૩.

*

# કુટુંબ પ્રતિબંધ - અધોગતિનું કારણ!

## શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૫૨૮ પર પ્રવચન

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



(ગતાંક થી આગળ... )

અહીં તો પ્રશ્ન ઊઠ્યો છે કે, *'સ્ત્રી, પુત્ર, આરંભ, પરિગ્રહના પ્રસંગમાંથી જો નિજબુદ્ધિ છોડવાનો પ્રયાસ કરવામાં ન આવે...'* (અહીંયા) પ્રસંગ એટલે ઉદય. એમાંથી *'જો નિજબુદ્ધિ છોડવાનો પ્રયાસ કરવામાં ન આવે તો સત્સંગ ફળવાન થવાનો સંભવ શી રીતે બને?'* કોઈ રીતે સત્સંગ ફળવાન થાય જ નહીં. એમ સમજી લેવું. બે વાતને બનવાનું નથી - પોતાપણાનો પ્રતિબંધ છોડવો નથી અને સત્સંગથી લાભ ઈચ્છવો છે! બે વાત બનવાની નથી. એટલે ખરેખર તો આપણે જે પ્રકારનો સત્સંગ ચાલે છે એ પ્રકારની અંદર રોજ એની ચર્ચા કરવી જોઈએ. કેમકે ઘરવાળા સાથે તો રોજ ઉદય છે. પોતાને બરાબર જાગૃતિ રહેવી જોઈએ કે, મેં ક્યાં-ક્યાં પોતાપણું કર્યું? મારા પરિણામ કેવી-કેવી રીતે ખેંચાણા? અને (એનો) તાળો તરત મળશે કે, આ જ પ્રકારના પરિણામ પાડોશી માટે આવે ખરા? પાડોશીમાં તો એક જ દિવાલ (હોય). બહુ-બહુ તો એક જ કંપાઉન્ડની દિવાલ કે મકાનની દિવાલ (હોય), પાડોશી એથી વધારે દૂર હોતા નથી. એને જ પાડોશી કહેવાય ને! એના માટે આમ થાય છે? કે આના (પોતાના કુટુંબ) માટે જ આમ થાય છે? બસ! તરત પકડાશે. તારું પોતાપણું છે અને તારો પ્રતિબંધ છે માટે જ આમ થાય છે, નહીંતર એમ ન થાય.

મુમુક્ષુ :- ઘરનાને પાડોશી કરી નાખવાના!

પૂજ્ય ભાઈશ્રી :- (હા), કેમકે એ તો રીતસર પાડોશમાં જ આવેલા છે. ખરેખર નજીક રહે છે એટલે પાડોશમાં જ આવેલા છે, બીજું કાંઈ નથી. પાડોશીને મદદ કરવી એક વાત છે અને 'મારાપણું' કરવું એમાં તો પાડોશીપણું રહેતું જ નથી. ત્યાં તો પાડોશીપણું રહેતું જ નથી. એ તો ચોખ્ખો પ્રતિબંધ જ છે.

*'જે પ્રસંગમાં મહા જ્ઞાનીપુરુષો સંભાળીને ચાલે છે,...'* શું કહે છે? મહાજ્ઞાની હોય, કુટુંબ પરિવાર (નો યોગ) હોય, હજુ ત્યાગી ન થયા હોય અને આમ મહાન જ્ઞાની હોય (તોપણ) એ સંભાળીને ચાલે છે. (કૃપાળુદેવ) પોતે અનુભવની જ વાત લખે છે. પોતાના અનુભવની જ વાત લખે છે કે (અમે) બહુ સંભાળીને ચાલીએ છીએ.

*'તેમાં આ જીવે તો અત્યંત અત્યંત સંભાળથી,...'* જુઓ! કાળજીની વાત આવી. કાલે કાળજીની ચર્ચા થઈ હતી. (મુમુક્ષુને પોતાને)

ખૂબ દરકાર હોવી જોઈએ. *'તેમાં આ જીવ તો...'* એટલે મુમુક્ષુ જીવે તો, *'અત્યંત અત્યંત સંભાળથી સંક્ષેપીને ચાલવું, એ વાત ન જ ભૂલવા જેવી છે એમ નિશ્ચય કરી;...'* (અર્થાત્) એવા નિર્ધારપૂર્વક, એવા નિશ્ચયપૂર્વક, નિશ્ચયના બળપૂર્વક. *'પ્રસંગે પ્રસંગે, કાર્યે કાર્યે અને પરિણામે પરિણામે,...'* એટલે દરેક ઉદયમાં *'તેનો લક્ષ રાખી તેથી મોકળું થવાય,...'* એટલે પોતાપણાંથી છૂટું થવાય. *'તેમ જ કર્યા કરવું, એ શ્રી વર્ધમાનસ્વામીની છદ્મસ્થ મુનિચર્યાને દૃષ્ટાંતે અમે કહ્યું હતું.'* સત્સંગ ચાલ્યો છે ત્યારે કૃપાળુદેવે મૌખિક રીતે વર્ધમાનસ્વામીની મુનિચર્યાના દૃષ્ટાંતે આ વાત કરી હતી. એમ પોતે પ્રત્યક્ષ સત્સંગનો **reference** પત્રમાં લખ્યો છે કે, અમે આવું કહ્યું હતું.

જુઓ! કેવી વાત લીધી છે? *'જે પ્રસંગમાં મહા જ્ઞાનીપુરુષો સંભાળીને ચાલે છે, તેમાં આ જીવે તો અત્યંત અત્યંત સંભાળથી, સંક્ષેપીને ચાલવું,...'* (સંક્ષેપીને ચાલવું) એટલે શું? તરીને ચાલવું. જેમ કોઈ એવો રસ્તો હોય, સાંકડી કેડી હોય અને બન્ને બાજુ બોરડીના છોડવા હોય. ચણી બોર થાય છે, એના ઝાડ પણ થાય છે અને છોડ પણ થાય છે. છોડ થાય એ ત્રણ-ચાર ફૂટના જ થાય. (બોરડીની) બાજુમાંથી ચાલે એટલે કાંટામાં સીધા કપડા ભરાય જાય. સાંકડી કેડી હોય એટલે જરા સંકોરીને ચાલવું પડે, સંક્ષેપીને ચાલવું પડે. એમ કુટુંબનો માળો એવો છે - પરિણામ ચાલતા ભરાય જાય. પરિણામ ચાલતા અંદર ભરાય જાય. બહુ જ સંભાળીને અને સંક્ષેપીને ચાલવું એટલે બચીને ચાલવું, અંદરમાં પોતાની જાતને સંભાળવી, એ વાત ન જ ભૂલવા જેવી છે. એવો નિશ્ચય કરવો. એવો નિશ્ચય કરવો અથવા તો એનું લક્ષ થાય તો ભૂલવા - ન ભૂલવાનો પ્રશ્ન રહેતો નથી. એવા નિશ્ચયની જો પરિણતિ થઈ જાય અને એ વિષય લક્ષમાં રહી જાય તો પછી સ્મરણ-વિસ્મરણનો તબક્કો રહેતો નથી. પછી સહજદશાએ એ જાગૃતિ રહે. કેમકે એ વાત લક્ષમાં જ છે. મારે ક્યાંય પોતાપણું કરવાનો પ્રશ્ન જ ન હોઈ શકે. પોતાપણું શેનું થાય?

ઉપરની ભૂમિકામાં એની અંદર બહુ સારો પ્રયોગ હોય છે. એ પ્રયોગ એવા પ્રકારે હોય છે કે, જીવ સીધુ (પોતાનું) અસ્તિત્વ સંભાળી લ્યે છે. (એ એમ જોવે છે કે) 'મારી હયાતી ત્યાં નથી (પછી) પોતાપણું થવાનો પ્રશ્ન જ ક્યાં છે? મારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં મારા અસ્તિત્વની સમાપ્તિ છે. મારું અસ્તિત્વ ત્યાં પૂરું થઈ જાય છે, સમાપ્ત થઈ જાય છે. પછી હું ત્યાં ક્યાં છું? મારાથી બધું શૂન્ય છે.'

આમ તો અત્યારનો સંસાર તો કેવળ સ્વાર્થનો છે. કાંઈ માલ નથી. પૂંછડી દબાય ત્યાં ફૂંફાડો મારે જ! પણ એક જમાનો એવો પણ હતો કે, આખો સંસાર બહુ જ સ્નેહથી - કુટુંબ સ્નેહથી ચાલતો હોય, ત્યાં પણ આવા જાગૃત આત્માઓ છે એ ફસાતા નથી. અતિશય સ્નેહ અને પ્રેમ હોય તોપણ અંતર જાગૃતિવાળા ફસાતા નથી. (એને એમ જ થાય કે) ઠીક છે, આ બધો ખેલ અને આ બધું નાટક (છે) એમાં આપણે ભૂલા પડવા જેવું નથી. એવા પ્રયત્ન કરનાર - પુરુષાર્થ કરનાર જીવો પણ હોય છે. અત્યારે તો કોઈ કાળ જ જુદો છે!

મુમુક્ષુ :- ગુરુદેવશ્રીને મોટા ભાઈએ કહ્યું કે, તું અહીંયા વાંચ્યા કર, કોઈ કામ કરવાનું નથી

પણ આપણે દીક્ષા નથી લેવી. એ પ્રસંગને સારા કાળમાં ગણાવી શકાય?

પૂજ્ય ભાઈશ્રી :- (નહીં) દીક્ષા પહેલા એમ નહોતું બન્યું, પણ દીક્ષા લીધા પછી જ્યારે એમના વિચારો બદલ્યા અને મોટા ભાઈને દીક્ષા છોડી દેવાની વાત કરી. (ત્યારે એ પ્રસંગ બન્યો હતો). કેમકે જ્યારે ગુરુને વાત કરી ત્યારે ગુરુએ કહ્યું કે, કાલથી વ્હોરાવાનું બંધ થઈ જશે. સ્થાનકવાસી સંપ્રદાયમાં જેવી વાત કરી કે, આ મૂર્તિ નથી રાખતા એ બહુ મોટી ભૂલ છે. એટલે મારામારી થાશે અને મારીને કાઢી મૂકશે. તને કોઈ રોટલી આપશે નહીં અને વ્હોરાવુ બંધ થઈ જશે. ત્યારે ગુરુદેવને વિચાર આવ્યો કે આપણે ક્યાં રોટલા માટે દીક્ષા લીધી છે? આપણા ઘરે તો રોટલા હતા. આપણે કાંઈ રોટલા માટે થોડી દીક્ષા લીધી છે? ગરીબ માણસો દીક્ષા લઈ લ્યે છે તો એવું તો મેં કંઈ નથી કર્યું. એટલે એમણે ભાઈને પૂછ્યું, કે હું દીક્ષા છોડી દેવા માગુ છું. એમાં તમારો શું ભાવ છે? દીક્ષા છોડી દે પછી વ્હોરવા જવાનો સવાલ નથી. અને જમવાનું તો ઘરે આવીને જ થાય. બીજાના ઘરે જવાનો તો કંઈ પ્રશ્ન નથી. મોટાભાઈને ગુરુદેવ ઉપર ખૂબ વિશ્વાસ હતો કે, આ મારો ભાઈ બહુ સમજદાર છે. જે પગલુ લેશે એ બહુ સમજીને લેશે અને એ જે કંઈ કરશે એ આત્મકલ્યાણ અર્થે જ કરશે. એ આત્મકલ્યાણ કરવા નીકળેલો જીવ છે. દીક્ષા લીધી તોપણ આત્મકલ્યાણ અર્થે અને દીક્ષા છોડશે તોપણ આત્મકલ્યાણ અર્થે. એટલો વિશ્વાસ હતો! એટલે એમણે કહ્યું કે, કંઈ વાંધો નહીં, તારે આત્મહિત કરવું છે ને? તું તારે ખાઈ-પીને (શાસ્ત્ર લઈને) અગાસી પર બેસી જજે. ઘરે બેસીને આત્મકલ્યાણ કરી લે. આપણે રોટલાનો તૂટો નથી. આવી જા ઘરે પાછો!

પણ ગુરુદેવના પુણ્ય તો બહુ મોટા હતા. થોડા સમય માટે એવું થઈ ગયું કે, (દીક્ષા છોડ્યા પછી) ચાર જણા જ રહ્યાં. જેવો એમણે ધડાકો કર્યો, મુહપત્તિ છોડી ત્યારે એકવાર (તો) આખો સમાજ વિરુદ્ધ થઈ ગયો. (ચાર જણા રહ્યાં) એમાં બે વઢવાણવાળા અને બે રાણપુરવાળા (રહ્યાં). ચારે-ચાર ઝાલાવાડી જ હતા. ચાર જણા જ પડખે હતા કે, તમે જ્યાં છો ત્યાં જ અમે છીએ. તમારી સાથે જ છીએ. પછી તો ગુરુદેવના પુણ્ય બહુ મોટા હતા એટલે બધાં પડખે ચઢવા મંડ્યા. પણ એક વખત તો આખો સમાજ વિરુદ્ધ જ થઈ ગયો હતો અને વિરુદ્ધ થઈ ગયો હતો તો કેવો વિરુદ્ધ થઈ ગયો હતો? ખુન-ખરાબા થાય એવો (વિરુદ્ધ થઈ ગયો હતો). રીતસર ધમકી આપે કે ખૂન થઈ જશે! એટલે (પેલા ચાર જણા) રાત-દિવસ સાથે રહેતા હતા. ચોવીસ કલાકનો પહેરો રાખતા હતા કે, તમને કાંઈ થાય નહીં. એટલી એ લોકોની તૈયારી હતી! બહુ સારુ સમર્પણ હતું! એવું (બધું) છે.

ગુરુદેવની નિસ્પૃહતા જુઓ! એ જ મોટા ભાઈના પત્ની (પણ સોનગઢ વસી ગયા હતા). ગુરુદેવ તો પ્રભાવી પુરુષ હતા. એમના ઉપદેશમાં તો એમને અશ્રદ્ધાનો કોઈ સવાલ નહોતો. એટલે એ પણ સોનગઢ વસી ગયા. એ એવી વિચિત્ર પરિસ્થિતિમાં રહેતા હતા, છતાં ગુરુદેવે કોઈ દિવસ કોઈને ઈશારો નથી કર્યો કે તમે એમનું ધ્યાન રાખો! કુદરતી અમારી માથે દોઢ વર્ષ (સંસ્થાનો)

વહીવટ કરવાનું આવ્યું, ત્યારે પહેલું ધ્યાન અમારું એના ઉપર ગયું. ગુરુદેવના ભાભી અહીંયા રહે છે. આપણે એની ખબર તો કાઢીએ. (એટલે) અમે માજી પાસે ગયા હતા. (ત્યાં જઈને જોયું તો) માજીના ઘરના કોઈ ઠેકાણા નહોતા! ઘરમાં રાચ-રચીલું એવું (કાંઈ નહોતું). બધું પૂછી-પૂછીને સરખું કર્યું. અમે છાશવારે એમની સંભાળ લેવા જતા.

એકવાર એમને **fracture** થઈ ગયું. ભાવનગર (હોસ્પિટલમાં) દાખલ કર્યા હતા. બધાંને અહીંયા સૂચના આપી દીધી કે, આ ગુરુદેવના ભાભી છે. ગુરુદેવ કાંઈ કહેતા નથી. કોઈ દિવસ કોઈને કાંઈ કહ્યું પણ નથી. બહુ ખરાબ હાલતમાં સોનગઢમાં રહ્યા છે. એ તો સમાજની અને ભક્તોની બહુ મોટી ખામી કહેવાય. ધ્યાન જવું જ જોઈએ. અહીંના મંડળના સભ્યોએ પછી બહુ સારી સેવા કરી, ઘણી સારી સેવા કરી! અહીંયા બહુ સારી સંભાળ લીધી હતી.

(અહીંયા) આપણો મુદ્દો છે એ પ્રતિબંધનો છે. જે ભાઈએ એમને આટલો **support** કર્યો હતો (તોપણ) ગુરુદેવને ભાભી તરીકેનો કોઈ પ્રતિબંધ નહોતો. કોઈ દિવસ સીધું કે આડકતરું (કાંઈ કહ્યું નથી). કોઈને ખબર જ ન પડે કે એમના ભાભી અહીંયા રહે છે. એવી રીતે રહ્યાં છે કે, એમના ભાભી અહીંયા રહે છે, એ જ કોઈને સમાજમાં ખબર ન પડે. કેવી રીતે ગુરુદેવ રહ્યાં છે!!

પછી તો આપણે પૂરતી સંભાળ લીધી છે. ઘરના રીપેરીંગથી માંડીને આપણે આપણા ઘરમાં જે સેવા આપીએ, એથી એક ટકો વધારે (સંભાળ લીધી છે), એથી ઓછી નહીં. પણ ગુરુદેવને પ્રતિબંધ નહીં. ગુરુદેવનો આ એક જીવતો જાગતો દૃષ્ટાંત આપણને જોવા મળે, એવી ચીજ હતી. પ્રતિબંધનો અભાવ શું ચીજ કહેવાય! (એ જોવું હોય તો) તમે ગુરુદેવને જોઈ લ્યો!! એવો પ્રકાર હતો. એવું થવું પડે અને એવું થવામાં લાભ છે.

પ્રતિબંધમાં તો બહુ મોટુ નુકસાન છે. સીધું અધોગતિનું જ કારણ છે, બીજું કાંઈ નથી. ભલે આપણને ગમે તેટલું મીઠું લાગે પણ અધોગતિ સિવાય બીજું કોઈ એનું ફળ નથી. એ ભયંકરતા લક્ષમાંથી ખસવી ન જોઈએ, તો જ પ્રતિબંધ છૂટે. નહીંતર કોઈ દિવસ છૂટે નહીં.

મુમુક્ષુ :- પોતે સમજે છે (કે) એકલો આવ્યો છે, એકલો જવાનો છે છતાં પણ પ્રતિબંધ છૂટતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- (એટલે) એ પરિણમન બહુ ગાઢ થઈ ગયું છે. એ **feeling** બહુ ગાઢ થઈ ગયેલી છે. (એને) તોડ્યે જ છૂટકો છે. અહીં સુધી રાખીએ.

*

## આવશ્યક સુચના

"સ્વાનુભૂતિ પ્રકાશ" માસિક પત્રિકા સમયસર પ્રાપ્તિ માટે જે લોકોને **(e-copy) - pdf.** ના રૂપમાં જોઈતી હોય તેમણે પોતાના રજિસ્ટ્રેશન માટે નીચેના નંબર પર સંપર્ક કરવો.
શ્રી નીરવ વોરા :- ૯૮૨૫૦૫૨૯૧૩

# મુમુક્ષુ - તત્ત્વ



**'મુમુક્ષુ પ્રયોજન' ગ્રંથમાંથી લીધેલા પ્રશ્નો અને સમાધાન**

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

જિજ્ઞાસા :- 'હું કોણ છું'?

સમાધાન :- હું જ્ઞાનલક્ષણથી સદાય સ્ફુરિત એવો જ્ઞાનસ્વભાવી આત્મા છું. અસ્તિત્વના ગ્રહણ સહિત સાક્ષાત્ પરિણમન જ-આ જિજ્ઞાસાનું સમાધાન છે; માત્ર કહેવારૂપ કે વિકલ્પરૂપ નહીં.

જિજ્ઞાસા :- ભવનું બીજ શું? તેના નાશનો ઉપાય દર્શાવો.

સમાધાન :- અજ્ઞાનદશામાં-આત્મા રાગરહિત, પૂર્ણ ચિદાનંદ હોવા છતાં-રાગ સહિત ભાસે છે, તે ભવનું બીજ છે.

'વર્તમાનમાં જ હું શુદ્ધ, પરિપૂર્ણ, ચિદાનંદ છું' એવી પ્રતીતિ, તે ભવના નાશનું કારણ છે.-આવી પ્રતીતિ થયા પછી જે અલ્પ રાગ રહે તે પરપણે જણાય છે.

જિજ્ઞાસા :- સંસારમાં દુઃખનું મૂળ શું છે અને સુખ ક્યાં છે?

સમાધાન :- પૂર્વકર્મ અનુસાર પ્રાપ્ત સંયોગોમાં, તે સંયોગો પ્રગટપણે પરદ્રવ્યરૂપ હોવા છતાં તેમાં, નિજપણું માની, જીવ પોતામાં સુખ કલ્પે છે; તે સર્વથા જૂઠ છે, સૌથી મોટું જૂઠ છે. તેનો દંડ ચાર ગતિનું પરિભ્રમણ છે અને જન્મ-મરણાદિનું દુઃખ છે. સુખ તો ચૈતન્યના વિલાસમાં ઉત્પન્ન થાય છે.

જિજ્ઞાસા :- સંસારી જીવ શા માટે દુઃખી છે?

સમાધાન :- પરિણામનો સ્વભાવ એકત્વ કરવાનો છે-સ્વરૂપમાં જ એકત્વ રહે તેવો દ્રવ્ય સ્વભાવ છે. પરંતુ સ્વસ્વભાવથી અજાણ એવો આ જીવ અનાદિથી પરમાં એકત્વ કરી, મમત્વ કરી દુઃખી થઈ રહ્યો છે.

જિજ્ઞાસા :- આત્માર્થીએ ચેતવા જેવું કાંઈ હોય તો તે શું?

સમાધાન :- આત્માર્થીજીવે લોકસંજ્ઞાના પરિણામથી ખાસ ચેતવા જેવું છે. તેમાં પણ સામૂહિક કાર્યક્રમમાં બીજાને સારું લગાડવા અથવા બીજાઓ મને સારું લગાડે, તેવા ભાવ થાય ત્યારે આત્માર્થીજીવે અંતરમાં પોતાને પૂછવા જેવું/અવલોકવા જેવું છે કે અરે જીવ! આવું પરમ દુર્લભ, પરમ સત્ય સાંભળવા મળ્યું, પછી તારે કોને રાજી રાખવા છે અને તારે કોનાથી રાજી થવું છે? અને આ રાજી રાખવા અને થવાનું ક્યાં સુધી કર્યા કરવું છે? હે જીવ! સત્યમાર્ગથી જરા પણ વિચલિત થવું યોગ્ય નથી. તેમ અચળ રહેવાનો પુરૂષાર્થ કરતાં જે પરિસ્થિતિ સર્જાય તેનો સ્વીકાર કરવાની પૂરી તૈયારી અભિપ્રાયમાં હોવી ઘટે છે. તેમ વર્તતાં પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ રહીને રાજી (નિરાકુળ સુખરૂપે)

થવાનું બનશે.

જિજ્ઞાસા :- મુમુક્ષુજીવને તત્ત્વરુચિ કેવી હોય?

સમાધાન :- તત્ત્વની વાત, ચર્ચા, શ્રવણ આદિ-સ્વરૂપપ્રત્યયી પુરુષાર્થ, રુચિ કે ભાવના વિના-તે બધું મનોરંજન અથવા વિષયસેવનવત્ થઈ પડે છે. તેથી મુમુક્ષુજીવે તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિમાં પોતાનાં ભાવો તપાસવા; નહીં તો સ્વયંને છોડીને આ પ્રવૃત્તિ કે જે બાહ્યવિષય એટલે કે બહિર્મુખભાવનો વિષય છે, તે જ વંચનાબુદ્ધિએ ચાલતો રહેશે. પરંતુ બાહ્ય તત્ત્વ પ્રવૃત્તિકાળે પણ બાહ્યપ્રવૃત્તિની ગૌણતા અને સ્વરૂપની મુખ્યતા રહેવી જોઈએ, તો જ તત્ત્વરુચિ છે. અંતર્તત્ત્વની રુચિ હોય ત્યાં શરૂઆતથી પર્યાય ગૌણ થઈ જાય છે. ભલે પર્યાયમાં પ્રતિક્ષણ વિકાસ સધાતો હોય તો પણ આ પદ્ધતિથી તે ગૌણ જ રહે છે. તેથી 'આ' યથાર્થ પદ્ધતિ છે.

જિજ્ઞાસા :- 'પૂર્ણતાને લક્ષે શરૂઆત'-એમાં 'દ્રવ્ય'ની પૂર્ણ શુદ્ધતા લેવી છે કે 'પર્યાય'ની અથવા બંનેની? જ્ઞાની શું કહેવા ધારે છે?

સમાધાન :- 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે'-આ સુત્રમાં પર્યાયની પૂર્ણ શુદ્ધતા લેવાની છે. એવી શરૂઆત થયા પછી જ્યારે આત્માર્થીને અંતર્ શોધ થાય છે ત્યારે પૂર્ણ દ્રવ્યનું લક્ષ અર્થાત્ ભાવભાસન થાય છે. માટે કોઈ પણ અંતર્ શોધક જીવ પ્રથમ મોક્ષાર્થી હોય છે અને ત્યાર પછી આત્માર્થી થાય છે.

(શેષ ભાગ આવતા અંકે... )

## નવું પ્રકાશન

## 'અધ્યાત્મ પિપાસા' (ભાગ-૭)




પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો, 'અધ્યાત્મ પિપાસા'ની શ્રેણીનો ભાગ-૭ (ગુજરાતી) પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના આગામી ૯૪માં જન્મજયંતી મહોત્સવ પ્રસંગે, તા.૧૭-૧૨-૨૦૨૬ના દિવસે પ્રકાશિત કરવામાં આવશે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની આવશ્યકતા હોય તેઓએ પોતાની નકલ તા. 30-૧૦-૨૦૨૬ સુધીમાં નીચેના નંબર પર રજીસ્ટર કરાવી લેવા વિનંતી.

- શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ

શ્રી નીરવ વોરા ૯૮૨૫૦૫૨૯૧૩

# નિર્વિકલ્પ થવાનો એક જ ઉપાય - ભેદજ્ઞાન



તત્ત્વચર્ચા મંગલવાણી-સીડી-૧૬-A

- પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

પ્રશ્ન :- .. એમનું એમ કહેવું છે કે પહેલેથી જ .. આત્મા.. બનાવવા જાય અને દ્રવ્ય .. સ્વરૂપ આત્માને ન જાણ્યો હોય, .. પરદ્રવ્યનું સ્વરૂપ ન જાણ્યું હોય તો પહેલેથી કઈ રીતે આ જ કર્તવ્ય છે તો એ કઈ રીતે મેળ?

ઉત્તર :- કરવા જેવું તો આ એક જ છે પણ એક ધ્યેયમાં આવે શી રીતે? એને જાણે તો આવે ને? એનું સ્વરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાયનું બધું સ્વરૂપ જાણે તો જ એ ધ્યેયમાં આવે. નહિતર સાચી રીતે ધ્યેયમાં આવતું નથી. બધું એમાં આવી ગયું. તું દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ યથાર્થ ઓળખ. આ સ્વપરનું ભેદજ્ઞાન એને ઓળખ, એનું ભેદજ્ઞાન કર એ બધું એમાં આવી જાય છે. કે આ પર છે, આ સ્વ છે, આ વિભાવ છે, આ સ્વભાવ છે, આ દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે. બધું જ ઓળખે તો એને ધ્યેયમાં આવે. એને ધ્યેય સમજ્યા વગર કાંઈ ધ્યેય એનું યથાર્થ કેવી રીતે થાય?

પ્રશ્ન :- આપ કહો છો કે જ્ઞાયક એ આત્માનું ધ્યેય છે. તો અમે જ્ઞાયકને ધ્યેય બનાવીને હું જ્ઞાયક છું એવો અનુભવ કર્યા કરીએ.

ઉત્તર :- એ એક જ્ઞાયક પણ ધ્યાનમાં, લક્ષમાં આવે કેવી રીતે? જ્ઞાયકને ઓળખ્યા વગર જ્ઞાયક ક્યાંથી આવે? જ્ઞાયકનું ધ્યેય ક્યાંથી થાય ઓળખ્યા વગર. એમ આવ્યું ને બધા અનંત ગુણસ્વરૂપ એક આત્મા. અનંતગુણ ઉપર દૃષ્ટિ નહિ મૂકતા એક આત્મા ઉપર એક જ્ઞાયકને લક્ષમાં લે એટલે અનંતગુણ છે આત્મામાં, એની પર્યાય છે. એ બધું ઓળખે તો એ ભેદ સ્વરૂપ નથી, કટકા નથી. પણ એક આત્મા, એક સ્વરૂપ છે. એમ લક્ષમાં એમ આવી જાય છે અંદર.

પ્રશ્ન :- ... તો પહેલા એણે જાણવું જોઈએ.

ઉત્તર :- એ તો વિસ્તારથી જાણે પણ સંક્ષેપથી જાણે. પણ જાણવાનું વચ્ચે આવી જાય છે. એમ જે જાણે કે આ પર અને સ્વ. આ વિભાવ, આ સ્વભાવ. એમ જે ભેદજ્ઞાન કરે છે એમાં જાણવાનું એટલું આવ્યું કે આ વિભાવ અને આ સ્વભાવ, આ પર અને આ સ્વ. પણ સ્વને જાણે એમાં ભેદભેદ પોતાને નહિ જાણતા હું એક અખંડ તત્ત્વ છું. એમ ભેગું આવી જાય છે. શિવભૂતિ મુનિ. ઓલી દાળ અને ફોતરા જુદું કરતી હતી. એને સમજી ગયા ગુરુનો આશય. કે ગુરુને આમ કહેવું

હતું. કે આ દાળ અને ફોતરા જેમ જુદા પડે છે એમ તું અને આ વિભાવ બે જુદા છે. એમ ભેદજ્ઞાન કર. એટલે એકને લક્ષમાં લઈ લીધું. બસ. એકને લક્ષમાં લીધો એને ગુણપર્યાયનું બધું જ્ઞાન એને ભેગું આવી જાય છે. આ જ્ઞાયક એનો સ્વભાવ ઓળખી લીધો. આ જ્ઞાયક છે એ પરિણતિવાળો છે, એ ફૂટસ્થ નથી. અભેદ છે. એના ગુણોના ભેદ કટકા નથી. બધું એમાં ભેગું એને આવી જાય છે. સમાવેશ. યથાર્થ રીતે જ્ઞાયકને લક્ષમાં લે તો. પણ એવી રીતે સંક્ષેપથી એકદમ એવી રીતે પાત્ર કોઈ હોય એને એમ થઈ જાય છે .. પણ બીજા જે ઝાઝું સમજતા ન હોય એને તો એટલા સંક્ષેપથી કોઈ સમજી જાય. બાકી વિચાર કરે, ઓળખે, એને બરાબર સ્વભાવ ઓળખે. એને દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે. બધું એને અમુક પ્રકારે જાણે તો જ એને લક્ષમાં આવે છે.

પ્રશ્ન :- અમુક આગમનો અભ્યાસ પણ એને...

ઉત્તર :- આગમનો અભ્યાસ હોય. બધું હોય. બધું વચ્ચે આવી જાય. પણ એમાં આટલું જ જાણવું જોઈએ અને આટલો જ અભ્યાસ હોવો જોઈએ. કે ઝાઝો આગમનો અભ્યાસ કરે તો જ સમજાય એવું નથી હોતું. થોડું સમજે. આગમમાં શું કહેવું છે એનો આશય સમજે. તો પણ થઈ શકે છે. ગુરુનો આશય સમજી લે તો પણ થઈ શકે છે. એમાં આ બધું દ્રવ્ય–ગુણ–પર્યાયનું સ્વરૂપ, સ્વપરનું ભેદજ્ઞાન એ બધો એમાં સમાવેશ આવી જાય છે. સંક્ષેપથી કે વિસ્તારથી પણ આવી જાય છે.

* (તત્વચર્ચા નો શેષ ભાગ આવતા અંકે... )

## કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૯૪મી જન્મજયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

મુમુક્ષુજીવોના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની આગામી ૯૪મી જન્મ જયંતી માગશર સુદ-૪, તા. ૧૩-૧૨-૨૦૨૬ થી માગશર સુદ-૮, તા. ૧૭-૧૨-૨૦૨૬ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૧૬-૧૨-૨૦૨૬ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

સંપર્કઃ શ્રી રાજેન્દ્રભાઈ જૈન, મો. ૯૮૨૫૧૫૫૦૬૬

કાર્યક્રમ સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧



## 'દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિનો વિષય'

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' – પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

**શક્તિની તરફ જુઓ તો એટલું ભારે ભારે લાગે છે કે આખું જગત ફરી જાય તોપણ તે** (અનંત શક્તિઓનો પિંડ) **ફરી શકતો નથી, એવું ઘન સ્વરૂપ છે. તેમાં કંઈ વિચલિતતા જ થતી નથી. ૭૬.**

*

**દર્પણમાં જે પર્યાય દેખાય છે, તે તો ઉપર ઉપર છે, અંદરમાં જે દળ પડ્યું છે તે તો જેવું ને તેવું છે. તે પર્યાયરૂપ થતું જ નથી. એ રીતે ત્રિકાળી સ્વભાવનું દળ તો જેવું ને તેવું જ છે, પર્યાયમાં આવતું નથી. ૭૮.**

*

**પ્રશ્ન :– ચોથા ગુણસ્થાનવાળાને વસ્તુનો અનુભવ છે અને સ્થિરતાનો પ્રયત્ન પણ છે, તો પછી અનુભવમાં કાળ કેમ લાગે છે?**

**ઉત્તર :– ચારિત્રની પર્યાયમાં તેટલી અસ્થિરતા છે, પુરુષાર્થની ઓછપ છે. પર્યાયની એવી યોગ્યતા છે. પરંતુ દૃષ્ટિમાં તેની ગૌણતા છે. 'વર્તમાનમાં જ પૂર્ણ છું' – તેમાં પર્યાયની વૃદ્ધિ-હાનિ ગૌણ છે. ૯૫.**

*

**અરે ભાઈ! તું તારા અસંખ્ય પ્રદેશમાં આખે-આખો ચૈતન્યમૂર્તિ છો, તેમાં બેસી રહે ને! ઉઠીને ક્યાં જાય છે! ૧૧૫.**

*

**શુભરાગને કર્તવ્ય માનવાની તો વાત જ શું ? 'મારું' તો કોઈ કર્તવ્ય જ નથી, એમ પહેલાં પાકું થવું જોઈએ.** (ધ્રુવમાં કર્તવ્ય કેમ હોઈ શકે? 'હું તો ધ્રુવતત્ત્વ છું.') **૧૫૯.**

*

**અહીં** (સ્વદ્રવ્યમાં) **દૃષ્ટિ જામી ગઈ, બસ તે જ મુક્તિ છે, મુક્તિ કરવી નથી. ૧૬૧.**

*

**વસ્તુ વર્તમાનમાં પ્રત્યક્ષ પડી છે. વર્તમાનમાં જ મોજૂદ છે. એક સમયની પર્યાયની પાછળ આખેઆખી વસ્તુ પડી છે. લક્ષ કરે તે જ ક્ષણે દેખવામાં આવે છે.** (અર્થાત્ વેદનમાં આવી જાય છે.) **૧૮૦.**

# અહો! પૂજ્ય ગુરુદેવશ્રીની નિરપેક્ષ વૃત્તિ!

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ





મિથ્યાત્વ અવસ્થામાં જે એવા કર્મો બંધાણા હોય એનો ઉદય જ્ઞાનદશામાં આવે અને એ જ્ઞાનદશામાં નહિ મુનિદશા સુધી પણ આવે. મુનિરાજને પણ મહામુનિરાજ હોય એને મહારોગ થાય. સનતકુમાર ચક્રવર્તી. થાય. એને પણ કોઈ પ્રાણી મારે, ફાડી ખાય અને એમના દેહનો અગ્નિસંસ્કાર કરવા કોઈ હોય નહિ ત્યાં.

'ગુરુદેવ'ને બહુ વૈરાગ્ય આવતો ત્યારે એવું બધું ગાતા.

'ચલો સખી વહાં જઈએ, જહાં ન અપના કોઈ,<br>શરીર ભખે જનાવરા, મુઆ ન રોવે કોઈ.'

એ મરી ગયા પછી એને રોનાર પણ કોઈ ન હોય. એક જણ આંસુ પાડનાર ન હોય. અને એનું શરીર જાનવર ખાય જાય. અમારે તો ત્યાં જાવું છે, એમ કહે. કેટલી નિરપેક્ષ વૃત્તિ છે એમને! નિરપેક્ષવૃત્તિનું એ પ્રકાશક છે વાક્ય કે અમને કોઈ અપેક્ષા નથી. અમે જંગલમાં ચાલ્યા જઈએ જ્યાં કોઈ આપણું ન હોય ત્યાં ચાલ્યા જઈએ. ત્યાં ભલેને શરીર પડી જાય ને કોઈ રોનાર ન હોય ને શરીર ભલે જાનવર ખાય જાય. પણ જાવું ત્યાં. ત્યાં જાવું છે. એવા વૈરાગી હતા!

(પ્રવચનાંશ.. 'શ્રીમદ્ રાજચંદ્ર' પત્રાંક-૪૧૧, તા. ૨૫-૧૧-૯૮, પ્રવચન નં-૭૭૭)

*

## આભાર

**'સ્વાનુભૂતિપ્રકાશ'**(ઑક્ટોબર-૨૦૨૬, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણરાશિ<br>**શ્રીમતી વંદનાબહેન રણધીર ઘોષાલ, કોલકાતા**<br>તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને<br>આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.



# પ્રણિપાત સ્તુતિ

હે પરમકૃપાળુ દેવ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથી નિઃસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપનાં ચરણારવિન્દમાં નમસ્કાર કરું છું. આપની પરમભક્તિ અને વીતરાગપુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માગું છું તે સફળ થાઓ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

*

## ક્ષમાપના

હે ભગવાન! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. નીરાગી પરમાત્મા! હું હવે તમારું, તમારાં ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નીરાગી, નિર્વિકારી, સત્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારાં કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ! હે સર્વજ્ઞ ભગવાન! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

('શ્રીમદ્ રાજચંદ્ર' શિક્ષાપાઠ-૫૬ )

## 'સ્વાનુભૂતિપ્રકાશ' પત્રિકા સંબંધિત અગત્યની સૂચના

જયજિનેન્દ્ર! આ સાથે જણાવવાનું કે 'સ્વાનુભૂતિપ્રકાશ' - આધ્યાત્મિક માસિક પત્રિકા હિંદી / ગુજરાતીમાં અમો છેલ્લા ૨૮ વર્ષથી આપને સ્વાધ્યાય હેતુ મોકલી રહ્યાં છીએ. હવે ઘણો લાંબો સમય થયો હોવાથી એડ્રેસ બદલાયા હોય, અથવા પત્રિકાનો સદઉપયોગ ન થતાં કોઈપણ પ્રકારની અશાતનાની સંભાવના હોવાથી ટ્રસ્ટ દ્વારા પત્રિકા હાલમાં પ્રાપ્ત કરી રહેલ બધા જ મુમુક્ષુઓએ નવેસરથી ફરજીયાત પોતાનું નામ તથા એડ્રેસનું **registration** કરવાનું રહેશે તેમ નક્કી કરવામાં આવેલ છે.

જે અંતર્ગત આગામી ઑક્ટોબર-૨૦૨૬ સુધીની સમયમર્યાદામાં સર્વે મુમુક્ષુને આ પત્રિકા ત્યારબાદ ચાલુ રાખવા માટે નીચે દર્શાવેલ વિગત ભરી આ ફોર્મનો ફોટો પાડી અમારા વૉટ્સએપ નં.- ૯૪૦૮૩૦૩૧૫૨ ઉપર મોકલી આપવાનો રહેશે. નવેમ્બર-૨૦૨૬થી ફક્ત નવેસરથી **registered** થયેલ એડ્રેસ ઉપર જ આ પત્રિકા મોકલવામાં આવશે. જે મુમુક્ષુ **registration** નહિ કરાવે તેમને આ પત્રિકાની ઉપયોગિતા કે આવશ્યકતા નથી તેમ સમજી મોકલવાનું બંધ કરવામાં આવશે તેની ખાસ નોંધ લેશોજી.

આપને ફિઝિકલ કૉપી કે **pdf** ફાઈલ કે બન્ને જોઈએ તો તે મુજબ નીચેના બોક્સમાં ટીક કરશોજી.

- મેનેજીંગ ટ્રસ્ટી
શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ

ફિઝિકલ કૉપી ☐ **pdf** ફાઈલ ☐

હાલનો રજી. નં :- ________________

નામ :- ____________________________________________

સરનામું :- ____________________________________________

____________________________________________

પિનકોડઃ- ____________

મોબાઈલ નંઃ- ____________________

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
Title Code : GUJGUJ07425
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'




## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા દ્વારા અજય ઑફસેટ, 12-સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ - 380 016 થી મુદ્રિત તથા 1942/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી, ભાવનગર - 364 001 દ્વારા પ્રકાશિત.

**સંપાદક : શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા - 98250 52913**

Printed Edition : **1080**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

9374825041